સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

વલોવ્યાં પેટ, થયા ઉંધા ચત્તા, જોગ થયો નહીં!
'કાળાં નાણાં'માં રાજકારણે સંજોગ થયો નહીં
ફોગ થઇ મહેનત પ્રચારે, ઢોંગ થઇ ગયો -
'લોબી'માં જ હતા 'બાબા' પદ્મશ્રી યોગ થયો નહીં..
(રામદેવને એવોર્ડ ન મળ્યો)

હાઈકુ

પૈસા નાં પૈડે
કચડાય ગરીબી -
કૂત્તા ને મોત!
(ન્યાયની દેવી અંધ)

પાણી છૂટે ને -
કુટુંબી કંટ્રાટી ની
નહેરો તૂટે
(લાગવગીયાં ટેન્ડર)

ચિંતન

યસ્ય યસ્ય હિ તો ભાવ સ્તેન હિ તં નરમ્ । અનુ પ્રવિશ્ય મેધાવી ક્ષિપ્રમાત્મ વશં વયેત્ ॥

'જે જે માણસનો, જેવો સ્વભાવ હોય, તેવો જ ભાવ અને સ્વભાવ દર્શાવી તેને અનુકૂળ થઇ જઇને તેના હૃદયમાં પ્રવેશ કરીને તેને પ્રાપ્ત કરી શકાય અર્થાત તેને સ્વભાવથી વશ કરી શકાય.'

જીવનમાં-સંસાર વ્યવહારમાં અનેક વિવિધ સ્વભાવના લોકો ઘર કુટુંબની કરી સમાજ-સંસારનાં આપણી સાથે ભટકાય છે. બધાના સ્વભાવ સારા-સરખા નથી હોતા. ઘણાના વિચિત્ર-વિના કારણ ઉગ્રતા ધારણ કરનારા-કોઇ ભલા કોઇ બૂરા, કોઇ દયાળુ કોઇ કઠોર સ્વભાવના હોય છે, આવા સ્વભાવ સાથે આપણે જીવન-વ્યવહાર નિભાવવાનો હોય છે.

સંસારમાં 'એક દૂજે કે લિયે' બહુ ઓછાં-જૂજ જોડાં હોય છે બાકી ઊંચા-નીચાં પૈડા સાથે જ રથ ચલાવવા પડે છે. આમાં પતિ કે પત્ની એ જ - એક વ્યક્તિએ સંસાર ટકાવવા ભોગ આપવો પડે છે. સહન કરવો છે સામેની વ્યક્તિનો ન ગમતો - અસ્વીકાર્ય - ખરાબ સ્વભાવ જો આવી સહનશક્તિ ન કેળવો તો 'જીવન દુઃખમય' હતાશા અને સંઘર્ષમય બની જાય છે.

લ્યો! તો આજથી આ સત્ય સ્વીકારી સહનશક્તિના રસ્તે આગળ વધો!!

સુવિચાર

- એવા માણસના શબ્દો રૂપાળા પણ ખુશ્બો વગરના પુષ્પ જેવા ગણાય, જે શબ્દોનું સન્માન જાળવીને તે અનુસાર કર્મ કરતો નથી - બુદ્ધ
- ઓછા સાધનોમાંથી વધારેમાં વધારે લાભ ઉઠાવી જીંદગી દરમિયાન પૂરેપૂરો સંતોષથી જીવવું તેને જ જીંદગી જીવવાની કળા કહેવામાં આવે છે - એસ. ભટ્ટાચાર્ય
- પ્રગતિકારક વિકાસ એ સ્તુત્ય છે. પણ એ પ્રગતિ લઘુતાથી ગુરુતા તરફ તુચ્છતાથી દિવ્યતા તરફ અને શરીરથી આત્મા તરફ હોવી જોઇએ - અખંડ આનંદ
- જે કર્મનો મર્મ પિછાણે, તેની મહાનતાને વિશ્વ આખું વખાણે - કર્મસૂત્ર
- આપણને શાંતિ ખપે છે, પણ સંયમની અપેક્ષા આપણે ખુદ પાસેથી રાખવાને બદલે અન્ય પાસેથી રાખીએ છીએ, આપણે જેવા છીએ તેવા રહીને બીજો બદલાય તેવી આશા કેવી રીતે રાખી શકીએ? - ડો. ચંદ્રકાન્ત મહેતા
- નર અને નારીના આત્માનું પ્રથમ આભૂષણ એટલે સંસ્કાર સંપન્ન અંતઃકરણ - ફાધર વાલેસ
- યુદ્ધ ટાણે આટલું અસવાર કર.. પ્રથમ તારા 'અહમ્' નો સંહાર કર.. - મનહર મોદી

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

ઘણીવાર મોટું-ઘણું કામ જોઇને જ આપણે હતાશ થઇ જઇએ છીએ. કેટલીય વાર તો આવાં કામ જોયાં જાણ્યા વિના જ 'આ મારાથી ન થાય', 'મને ન આવડે' એવું મનથી જ હારી નક્કી કરી નાખીએ છીએ. કોઇ પણ મોટું-કઠિન કામ જોઇને પણ હિંમતપૂર્વક ધીમે ધીમે શરુઆત કરવી જોઇએ અને 'હું પૂરું કરીશ જ' એવી શ્રદ્ધા-વિશ્વાસ રાખવાં જોઇએ.

શિયાળાના અંતિમ દિવસો હતા. અમેરિકાના વન પ્રદેશમાં બરફને કારણે ચેરીના વૃક્ષ ઠૂંઠાં થઇ ગયા પણ હવે નાની નાની કૂંપળ ફૂટવા લાગી હતી.

એવાં એક ઠૂંઠાં ઝાડ પર પાંખ ફફડાવતી ચકલી બેઠી હતી. એણે વૃક્ષના મૂળ પાસે જોયું તો એક ગોકળગાય વૃક્ષ ઉપર ચઢતી હતી.

ચકલીએ પૂછ્યું, બેન, આ ઠૂંઠાં ઝાડ પર ચઢવાની ખોટી મહેનત તું શા માટે કરે છે. ચેરીને ફળ લાગવાને તો હજુ વાર છે!

ગોકળગાયે જવાબ આપ્યો. ચક્કી બેન! તમારો આભાર, વૃક્ષ પર એકેય ચેરીનું ફળ નથી એની મને પણ ખબર છે. પણ ફળ આવવાને હવે થોડાક જ દિવસની વાર છે અને હું ધીમે-ધીમે આ વૃક્ષની ટોચ પર જયાં ચેરીના ઝૂમખાં લાગે છે ત્યાં સુધી પહોંચી જઇશ..

શ્રદ્ધા-વિશ્વાસ-હિંમત-ધૈર્ય આનું નામ..

Email - sureshchandrabhatt18@gmail.com

હિંદુ મહાસભાનું 'રાષ્ટ્રદ્રોહી' મુસ્લિમોને અલ્ટીમેટમ

હિંદુ દેવીઓનાં નગ્ન ચિત્રો દોરીને એમ. એફ.હુસૈન કલાકારની મૌલિકતાનો આશરો લે કે મેચ ફિક્સિંગમાંથી છટકવા અઝરુદ્દીન મુસ્લિમ ઓળખ એ આપે યોગ્ય નથી

અતીતથી આજ
- ડૉ.હરિ દેસાઇ

ભારતીય રાજકારણ ધાર્મિક ઉત્પાત અને ઇતિહાસ સાથે જુગલબંધી ખેલી રહેલું વધુ લાગે છેઃ રાજકીય સ્વાર્થ કાજે,પોતાની વોટબેંકને સાચવવાના ઇરાદે, હિંદુ વિરુદ્ધ મુસ્લિમ અને હિંદુ વિરુદ્ધ ખ્રિસ્તીનો ગરમાટો ચાલ્યા કરે છે. કોમી એખલાસની ભાવના ટકાવવા કાજે જે દેશના રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધી ગોળીએ દેવાયા હોય, મજહબને નામે અલાયદો દેશ પાકિસ્તાન માંગીને એ દેશના ગુજરાતી રાષ્ટ્રપિતા મોહમ્મદ અલી ઝીણા પણ પસ્તાવાની આગમાં શેકાઇને મોતને ભેટ્યા હોય ત્યારે આ બધું અજુગતું લાગે છે. બ્રિટિશ શાસનના અંતને સાત-સાત દાયકા વીત્યા પછીય વિભાજનના ઘા તાજા કરીને હજુ કોમી આગને પ્રજ્વલિત રાખવાના રાષ્ટ્રદ્રોહી તાયફા છાસવારે થઇ રહ્યા છે. એવું નથી કે એને માટે એક જ કોમ જવાબદાર છે. હિંદુ અને મુસ્લિમોનાં અંતિમવાદી તત્વો કોમી તંગદિલીનાં રાજકારણ ખેલવાનું બંધ કરવાનું નામ જ નથી લેતાં અને નુકસાન અંતે દેશનાં હિતને થવું સ્વાભાવિક છે.

હિંદુ મહાસભાના કાર્યવાહક અધ્યક્ષ કમલેશ તિવારીએ તાજું ઉંબાડિયું કર્યું છેઃ 'ગદ્દાર મુસ્લિમો ભારત છોડે.' ઉત્તર પ્રદેશની સમાજવાદી પાર્ટીની સરકારના કેબિનેટ પ્રધાન આઝમ ખાન પણ પાછા થોડા વખત પહેલાં આ દેશ છોડી જવાની ધમકી ઉચ્ચારી ચુક્યા છે. આંધ્ર-તેલંગણની રાજધાની હૈદરાબાદના નિઝામવાદી ઓવૈસીબંધુઓ છાસવારે કોમી ઉત્પાત મચાવનારાં નિવેદન કરીને પોતાની મુસ્લિમ વોટબેંક વિસ્તારવાની કોશિશમાં છે, તો ભાજપની મિત્ર શિવસેના રાષ્ટ્રીયસ્તરે અને મહારાષ્ટ્રમાં શાસનમાં હોવા છતાં ઓવૈસીબંધુઓના હિંદુ અવતારની પ્રતીતિ કરાવતાં ભડકાઉ નિવેદનો કરીને હિંદુ વોટબેંક અને એમાંય પાછી મરાઠી માણૂસની વોટબેંકને ટકાવી રાખવાની વેતરણમાં હોવાનું સતત અનુભવાય છે.

દેશનાં વિવિધ રાજ્યોમાંથી છાસવારે વિવાદસર્જક અને ભડકામણાં નિવેદનો કરનારા સર્વપક્ષી રાજનેતાઓને વારી શકે, એમના પર પ્રભાવ પાડી શકે એવું પણ ભાગ્યે જ કોઇ નજરે ચડે છે. વિધિવિધાન પૂરતું વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે કેન્દ્રના ગૃહ પ્રધાન રાજનાથસિંહ પોતાના પક્ષના નેતાઓને સંયમની શીખ આપે છે ખરા, પણ એ બધું મૈત્રીપૂર્ણ ખેલનો હિસ્સો હોય એવું વધુ લાગે છે. ભાજપના નેતા સાક્ષી મહારાજ છાસવારે નવું ઉંબાડિયું કરતા રહે છતાં પક્ષના નેતાઓ એમની સામે શિસ્તભંગની કોઇ કાર્યવાહી કરતા નથી. પ્રત્યેક રાજ્યમાં આવી સ્થિતિ છે. ભાજપના નેતા-મંત્રી-સાંસદ વિવાદાસ્પદ બોલે એટલે વિરોધ પક્ષવાળા એનો પ્રતિસાદ કરતાં સવાયાં વિવાદાસ્પદ નિવેદન કરે. જુગલબંધી ચાલ્યા જ કરે છે. કોઇને જાણે કે દેશનો માહોલ બગડવાની કે પછી ગંભીરપણે દેશના વિકાસની ચિંતા કે ખેવના જણાતી નથી. આમન્યાઓનો લોપ છાસવારે થાય છે. સંસદીય ગરિમા ભૂંસી નાંખવાની કોશિશોને પાછું સત્તાવાર પ્રમાણપત્ર આપવાના પ્રયાસો થાય છે. આંધળે બહેરું કૂટાય છે અને સૌ કોઇ પોતાને ઠીક લાગે એવી આંબલી-પિંપળી ખેલવામાં જ રમમાણ છે. દેશનું હિત, દેશની ગરિમા, કોમી એખલાસ કે પછી આંતરરાષ્ટ્રીય મંચ પર અમુક પ્રકારનાં નિવેદન થાય કે નહીં એની પરવા કરવાનું ભૂલીને બે દેશ વચ્ચેના સંબંધો સુધારવાના રાજદ્વારી પ્રયાસોમાં પણ ઘરઆંગણાના રાજકીય ખેલ પાડી દેવાનું રાજકારણ ખેલાય ત્યારે ગરિમાલોપ થતો લાગ્યા વિના રહેતું નથી. દેશવિરોધી નિવેદનો કે કોમી અથડામણ ઉશ્કેરનારાં ઉંબાડિયા કરનારાઓની વિરુદ્ધ નક્કર પગલાં લેવાની કાનૂનમાં જોગવાઇઓ હોવા છતાં એવાં પગલાં ભરાતાં નથી.

ઉલટાનું ઇતિહાસપુરુષોનાં નિવેદનોના સંદર્ભો વિના આધાર લઇને ફલાણાએ તો આવું કરવા કહ્યું હતું એવું જણાવીને પોતાના અટકચાળાને વાજબી લેખાવવાના પ્રયાસ થતા રહે છે. જેમ કે આજકાલ ભારતમાં જેમના નામની ખૂબ ગાજવીજ છે એવા ડૉ.ભીમરાવ આંબેડકરે બ્રિટિશ ભારતના ભાગલા સંદર્ભે હિંદુ અને મુસ્લિમોની વસ્તીને પૂર્ણપણે સ્થળાંતરિત કરી દેવાનો આગ્રહ સેવ્યો હતો! અત્યારે ડૉ.આંબેડકરની વાત કેટલી વાજબી લેખાય એનો વિચાર કરવાને બદલે ક્યારેક ડૉ.આંબેડકર આવી ભૂમિકા ધરાવતા હતા માટે મુસ્લિમોને પાકિસ્તાન પાઠવી દેવામાં આવે એવી કટ્ટરવાદી ભૂમિકા હિંદુ મહાસભા લે તો તે યોગ્ય નથી. ઇતિહાસની ઘટનાઓને જે તે સમયગાળા અને સંદર્ભમાં જ મૂલવવી પડે અથવા તો એની એ સંદર્ભમાં પ્રાસંગિકતા સમજી શકાય.

મુસ્લિમ લીગના નેતા મહંમદ અલી ઝીણાએ માર્ચ ૧૯૪૦માં લાહોરમાં પાકિસ્તાન ઠરાવ કરાવ્યો એનાં ત્રણ વર્ષ પહેલાં હિંદુ મહાસભાના સર્વોચ્ચ નેતા સ્વાતંત્ર્યવીર સાવરકરે તો અમદાવાદમાં અખિલ ભારતીય હિંદુ મહાસભાના અધ્યક્ષ તરીકેના ભાષણમાં હિંદુ અને મુસ્લિમ બે કોમો સાથે રહી ના શકે એવું જણાવીને મુસ્લિમો કાં તો દુયમ સ્તરના નાગરિક તરીકે હિંદુસ્તાનમાં રહે અથવા બહાર ચાલ્યા જાય એવી ભૂમિકા અપનાવી હતી. હિંદુ અને મુસ્લિમોને અલગ નેશન ગણાવીને ટુ-નેશન થિયરીને આગળ કરીને ઝીણાએ પાકિસ્તાન લીધું તો ખરું, પરંતુ પૂર્વ પાકિસ્તાન બાંગલાદેશ બન્યું એટલે ટુ-નેશન-થિયરી વિફળ નીવડી હોવાનું સ્પષ્ટ તગે છે.

હિંદુ દેવ-દેવીઓનાં વિકૃત ચિત્રો દોરીને ચિત્રકારની મૌલિકતાની આડશમાં પોતાનો બચાવ કરવાની કોશિશ કરતા રહેલા વિશ્વવિખ્યાત ચિત્રકાર એમ.એફ.હુસૈન સામે ભારતમાં ફોજદારી કાર્યવાહી શરૂ થતાં એમણે વિદેશ જતા રહેવાનું પસંદ કર્યું હતું, રખેને ભારતમાં જેલમાં જવું પડે. વિદેશમાં જ એમનો ઇન્તકાલ થયો, પણ વધુ યોગ્ય તો એ લેખાત કે તેમણે પોતાની સામેના ફોજદારી ખટલાઓનો પોતાના દેશમાં રહીને જ સામનો કર્યો હોત. ચિત્રકારની મૌલિકતાનો સ્વીકાર કરીએ જરૂર, પરંતુ એ સ્વચ્છંદપણે અન્ય ધર્મીઓની લાગણીને ઠેસ પહોંચાડે એ તો ચલાવી લેવાય નહીં. પ્રત્યેક નાગરિકે પોતાના વ્યક્તિસ્વાતંત્ર્યની મર્યાદા સમજી લેવાની જરૂર છે. એવું જ કાંઇક અઝરુના પ્રકરણમાં બન્યુંઃ ભારતીય ક્રિકેટ ટીમના કપ્તાન રહેલા મહંમદ અઝરુદ્દીન સામે મેચ ફિક્સિંગનો કેસ ચાલે કે એવી કોઇ તપાસ થાય ત્યારે એવું નિવેદન કરે કે હું મુસ્લિમ છું એટલે મારી સાથે અન્યાયી વલણ અપનાવાઇ રહ્યું છે. જેને વધુ પડતો ન્યાય તોળીને ભારતીય ટીમનો કપ્તાન બનાવાયો હોય એ કોઇ ગુનામાંથી છટકવા માટે ધાર્મિક ભેદભાવનો આશરો લઇ આક્ષેપબાજી કરે એ યોગ્ય લેખાય નહીં. અકબરુદ્દીન ઓવૈસી કે તેમના મોટાભાઇ અસદુદ્દીન ઓવૈસીએ અનુક્રમે ધારાસભ્ય અને સંસદસભ્ય તરીકેની ગરિમા જાળવવા જેવો વ્યવહાર કરવો જોઇએ. ઇમામ બુખારીએ પણ મુસ્લિમોનો પક્ષ લઇને કાશ્મીરી ભાગલાવાદીઓ જેવી ભૂમિકા લેવાનું અયોગ્ય ગણાય.

ઇતિહાસની ઘટનાઓની આડશે આજે દેશમાં કોમી અથડામણો સર્જવા પ્રેરે તેવાં નિવેદનો કરવાની આઝાદીને નાગરી સ્વાતંત્ર્ય કરતાં સ્વચ્છંદતા વધુ લેખવી પડે. ઇન્ડોનેશિયા જેવા મુસ્લિમ રાષ્ટ્રમાં વિશ્વના સૌથી વધુ મુસ્લિમો વસે છે. એ પછીના ક્રમે ભારત આવે છે. ભારતમાં મુસ્લિમોની વસ્તી દુનિયાના કોઇપણ દેશ કરતાં વધુ થવા જઇ રહી છે, ત્યારે સમગ્ર મુસ્લિમ કોમને શંકાની નજરે જોવી કે હિંદુવિરોધી લેખવી એ યોગ્ય નથી. હિંદુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ અને જૈન સહિતનાં સર્વધર્મીઓનો આ દેશ છે, એવું ભારતના વિભાજનના દિવસોમાં પણ સરદાર પટેલ જેવા જવાબદાર કૉંગ્રેસી નેતા અને ભારતના ગૃહમંત્રી-નાયબ વડા પ્રધાને કહ્યું હતું. ગાંધી-નેહરુ-સરદાર સહિતના તમામ રાષ્ટ્રનેતાઓએ મુસ્લિમ સહિતની લઘુમતીનાં હિતની જાળવણીની જવાબદારી બહુમતી હિંદુ પ્રજાને શિરે હોવાનું કહ્યું હતું. સાથે જ મુસ્લિમ પ્રજાજનોને પણ એમણે દેશ પ્રત્યે વફાદારી જાળવવાની શીખ આપી હતી.

ઇસ્લામને નામે અલગ પાકિસ્તાન માંગનારા ઘણા બધા મુસ્લિમ અગ્રણીઓ વિભાજન પછી પાકિસ્તાન જવાબને બદલે ભારતમાં જ રહી પડ્યા હતા. એમાંય ખાસ કરીને લખનઉ અને ઉત્તર પ્રદેશના મુસ્લિમ અગ્રણીઓનો સવિશેષ સમાવેશ હતો. સરદાર પટેલે લખનઉની ૬ જાન્યુઆરી ૧૯૪૮ની જાહેરસભામાં મુસ્લિમોને બે ઘોડા પરની સવારી કરવાને બદલે પાકિસ્તાન ચાલ્યા જવા કહ્યું હતું. આ વાતે ભારે વિવાદ સર્જ્યો અને ગાંધીજી સુધી ફરિયાદ પહોંચી હતી. હકીકતમાં લખનઉની એ સભામાં સરદાર પટેલે પોતાને 'મુસ્લિમોના મિત્ર' તરીકે રજૂ કરીને મુસ્લિમોના હિતમાં જ વાત છેડી હતી. ઑલ ઇન્ડિયા મુસ્લિમ કોન્ફરન્સ યોજાય અને એમાં સહભાગી હજારો મુસ્લિમો કાશ્મીરમાંના પાકિસ્તાનના અટકચાળા સામે હરફ પણ ઉચ્ચારે નહીં ત્યારે લોકોને ભારતીય મુસ્લિમોના ઇરાદાઓ વિશે શંકા પડવી સ્વાભાવિક હોવાનું સરદાર પટેલે કહ્યું હતું. તેમનું કહેવું હતું કે મુસ્લિમો માટેનું અલગ પાકિસ્તાન લીધા પછી હવે એના અગ્રણીઓ એનો વિકાસ કરે, સુખશાંતિનો માહોલ સર્જે, પણ ભારતમાં જો મુસ્લિમો બે ઘોડા પર સવારી કરતા હોય તો તેમણે તેમને ગમે તે એક ઘોડાની પસંદગી કરી લેવી ઘટે.

સરદાર પટેલ આખાબોલા હતા. સ્પષ્ટવકતા હતા. ભારતની તમામ કોમોના હમદર્દ હતા. સ્વાભાવિક હતું કે પ્રત્યેક ભારતીય રાષ્ટ્રને વફાદાર રહે એવી એમની અપેક્ષા હોય. લખનઉના ભાષણના આગલા દિવસે જ એમણે કલકત્તામાં જાહેર સભામાં હિંદુ રાષ્ટ્ર કે હિંદુ રાજના વિચારને વખોડી કાઢ્યો હતો. તેમ છતાં 'સાડા ચાર કરોડ મુસ્લિમોમાંથી ઘણાએ પાકિસ્તાનની રચનામાં મદદ કરી છે. એટલે રાતોરાત એમનો હૃદયપલટો થઇ જશે એવું કઇ રીતે માની શકાય?' એવું કહી સરદારે ઉમેર્યું હતુંઃ 'મુસ્લિમો કહે છે કે તેઓ વફાદાર નાગરિકો હોવાથી કોઇએ એમનામાં શંકા કેમ રાખવી જોઇએ? અમે એમ કહીએ છીએઃ 'તમે આ વાત અમને કાં પૂછો? તમારા અંતરાત્માને જ પૂછોને!'' વર્ષ ૧૯૪૮ અને આજ વચ્ચે ગંગા અને સાબરમતીમાં ઘણાં જળ વહી ગયાં. એ વેળા હિંદુ પાર્ટી લેખાતી સત્તારૂઢ કૉંગ્રેસને બદલે ૧૯૮૦માં સ્થપાયેલી હિંદુવાદી ગણાતી ભારતીય જનતા પાર્ટી આજે સત્તામાં છે. દાયકાઓ વીત્યા હોય, ત્યારે માત્ર વિભાજનના ઇતિહાસની આસપાસની ઘટનાઓ અને કથનોને તાજાં કર્યે ચાલે નહીં.

આજે પણ રાજકીય પક્ષો ધાર્મિક ઉંબાડિયાં કરીને વોટનું રાજકારણ ખેલીને સમાજને વિભાજિત કરતા રહે તો ભારતની આવતીકાલ ઉજળી નથી. વિકાસની રાજનીતિની ગાજવીજ થતી રહે અને એમાં ધાર્મિક ઉંબાડિયાં નવતર ઉશ્કેરણીઓ સર્જે ત્યારે સત્તારૂઢ પક્ષોએ જવાબદારીથી વર્તવું જોઇએ એવું લાગ્યા વિના રહેતું નથી. ભારતીય રાજકારણના બે મુખ્ય પક્ષોની ભૂમિકા ઉલટાઇ ગઇ છે. પરંતુ એ પોતાની નવી ભૂમિકાને અનુરૂપ સ્વભાવ કેળવવાનું હજુ જાણે શીખ્યા જ નથી. દેશની આ જ તો કમનસીબી છે. દાયકાઓ સુધી સત્તારૂઢ રહ્યા પછી કૉંગ્રેસ પક્ષ સત્તા વિના જલ બિન મછલીની જેમ તરફડે છે. એને વિપક્ષની આંદોલનાત્મક કે અભ્યાસ સાથે સકારાત્મક વિરોધ કરવાની ભૂમિકા માફક આવતી નથી. સંભવતઃ એટલે જ એની ડૂબતી નૈયામાંથી ઉંદરો ભાગી છૂટ્યા છે. અત્યારે કેન્દ્ર અને રાજ્યોમાં સત્તાનો ભોગવટો કરતી ભારતીય જનતા પાર્ટીના નેતાઓ કે સંઘ પરિવારનાં સંગઠનો ક્યારેક વિસરી જાય છે કે હવે તેમણે સત્તાપક્ષની પરિપક્વતા કેળવીને સુશાસન સહિતનાં વચનોનો અમલ કરવાનો છે. દાયકાઓ સુધી વિપક્ષમાં રહીને આંદોલન કર્યા હોય ત્યારે સત્તા પક્ષમાં રહીને જવાબદારી કેળવવાનું ક્યારેક વિસારે પડે છે. સામે પક્ષે લોકોની ખૂબ અપેક્ષાઓ જાગેલી છે. રખેને એમ ભ્રમનિરસન થાય.

અવશેષ પદ્ધતિમાં વન્યપ્રાણીઓના મૃત અવશેષ, શરીરના ભાગો, હગાર, વાળ વગેરે એકત્ર કરી ચકાસણી કરી ગણતરી કરી શકાય છે

હરિયાળું હરણોદ્યાન
- નટવર હેડાઉ

આઝાદી પછી વન્ય પ્રાણીઓની ગણતરી સમયાંતરે કરવાની પ્રથા શરુ થયેલી છે. તે અનુસાર દર ચાર વર્ષે દિપડા, સિંહ, વાઘ, રીંછ જેવા પ્રાણીઓ ઉપરાંત, હરણ, વાંદરા, શાહુડી, સસલાં જેવાં પ્રાણીઓની પણ ગણતરી કરવામાં આવતી હોય છે.

હરણોદ્યાનમાં પણ એ સમયગાળા દરમિયાનમાં વન્યજીવોની ગણતરી થતી હોય છે. વર્ષો અગાઉ અહીં જે પહોળા પ્રમાણમાં જોવા મળે છે. એવાં વાંદરા અને મોરની ગણતરી કરાઇ હતી. તે પછી વર્ષ ૨૦૧૧માં તો કોઇ ચોક્કસણ પ્રાણીઓને ધ્યાને ન લેતાં જે વન્યપ્રાણીઓ જોવા મળે તેને ગણતરીમાં લેવામાં આવેલ તે અનુસાર ગણતરી કરતાં ઉદ્યાનના ખુલ્લા વિસ્તારમાં વિચરણ કરતી ૧૯૮ નીલ ગાયો, ૨૧૬ વાંદરાઓ, ૩ બિલાડી, ૧૭૮ ભૂંડ, ૧૮ શાહુડી અને ૩૬ જેટલાં સસલાં જોવામાં આવેલા જેના પરથી અંદાજ આવે કે અહીં વન્યજીવો માટે અનુકૂળ વાતાવરણ છે.

હમણાં થોડા જ સમય પહેલાં ગીર અરણ્ય અને આસપાસના વિસ્તારોમાં વિચરતાં સિંહોની ગણતરી થઇ તેમાં સૌને ખુબ જ રસ પડે તેવી અનેક બાબતો જોવા અને જાણવા મળી. આ પ્રમાણે જ જયારે જયારે હરણોદ્યાનમાં વન્યપ્રાણીઓની ગણતરી કરવાનું બન્યું ત્યારે સ્વૈચ્છિક સંસ્થા (એન.જી.ઓ.) ના પ્રતિનિધિઓ, વ્યક્તિઓ, વનવિભાગમાં અધિકારી, કર્મચારીઓ અને આ કાર્યમાં જોડાયા હોય તેમના માટે આ ગર્વ અને રોમંચક અનુભવનો લહાવો હોઇ સૌ રસપૂર્વક જોડાતા રહ્યા છે. તેમાં વનશ્રી ટ્રસ્ટના ચૈતન્ય નિમાવત અને અંજનાબેન હોય કે જંગલીઝ ગ્રુપના કિશોરસિંહ પઢિયાર હોય કે પચી સ્નેક લવર્સ કલબના ધર્મેન્દ્ર ત્રિવેદી હોય. આ ઉપરાંત મનીષ વૈદ્ય, વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર વિનોદ ગજ્જર તેમજ બીજી અનેક વન્યજીવ પ્રેમીઓ, વન્યજીવનમાં રસ લેનાર અભ્યાસુ યુવક યુવતીઓ આ ગણતરીમાં કામ હોંશે હોંશે જોડાતાં હતા. આ વન્યજીવોની ગણતરી કઇ રીતે થાય છે તેની કેટલીક વાતો જાણવી રસપ્રદ રહે તેવી છે.

વન્યજીવોની ગણતરી અગાઉ રસ ધરાવતાં સૌ અને જેમની ફરજ પણ છે એવા વન વિભાગના કે ગીર ફાઉન્ડેશનના જવાબદાર વ્યક્તિઓની એક બેઠક પાર્કના પાર્ક વોર્ડન કચેરીની બાજુમાં આમ્રવૃક્ષોની શીતળ છાયાંમાં ચાણ માટીથી લીંપણ કરી બનાવેલા પગથીયાં આકારની બેઠક વાળા વિસ્તારમાં રાખવામાં આવી હતી. સૌને આ ગણતરીમાં ખુબ જ ઉત્સાહ હતો, સૌના મનમાં એક પ્રશ્ન હતો. આ ગણતરી કઇ રીતે કરવામાં આવશે? ગણતરી દરમિયાન કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવું જરુરી છે? ગણતરીનો સમયગાળો શું રહેશે?

આ બધા પ્રશ્નો અંગે ચર્ચા શરુ થઇ છે. વન્ય પ્રાણીઓની ગણતરી મુખ્યત્વે ત્રણ પદ્ધતિથી થાય છે. (૧) પ્રત્યક્ષ દેખાવ, (૨) પગ માર્ક (૩) અવશેષ પદ્ધતિ.

તેમાં પ્રત્યક્ષ દેખાવ પદ્ધતિમાં નક્કી કરવામાં આવેલ ગણતરીના પોઇન્ટના સ્થળ પર હાજર ગણતરીકાર દ્વારા વન્યપ્રાણીને પ્રત્યક્ષ જોવામાં આવે ત્યારે ચોક્કસ સમય સાથે તેની નોંધ કરવાની હોય છે.

જયારે પગમાર્કવાળી પદ્ધતિમાં પાણીના સ્ત્રોત તેમજ વન્યપ્રાણીની હાજરીની શક્યતાવાળા પોઇન્ટ પાસેથી વન્યપ્રાણી પસાર થાય અને તેના પગલાંની છાપ જમીન પર અંકિત થાય તે છાપ કે કાચ, ટ્રેસીંગ ઉપર મેળવી ત્યારબાદ પ્લાસ્ટર ઓફ પેરિસની મદદથી પ્લાસ્ટર કાસ્ટ મેળવી ચકાસણી કરવામાં આવે છે. તેમાં પગલાંની છાપ રેખાંકિત કરતી વખતે કાચ બિલકુલ હલે નહીં તેની કાળજી રાખવી પડે. પગલાં રેખાંકિત કરવા માટે સવાર કે સાંજનો સમય વધુ યોગ્ય રહે છે. ઉપરાં ઉપરી આવેલ પદ્ચિહનોની તકેદરી રાખવી પડે. પગલાં ઉપરથી અંદાજ કાઢી શકાય કે પ્રાણી જે તે જગ્યાએ કયારે આવેલ હશે. કોઇ પ્રાણીને તેના પગની ગાદી કે ખરી ઉપર કે આંગળા ઉપર ઘાની નિશાની હોય, કયારેક એકાદ આંગળી કે તેનો ભાગ ઇજાગ્રસ્ત કે નાશ પામેલો હોય, પ્રાણીઓ એકાદ પંજો વળી ગયેલો હોય ત્યારે તેના પંજામાં જરુરી અંગ હોતું નથી. તે પદ્ચિહનમાં સ્પષ્ટ જોઇ શકાય છે. આવી ખાસ રચનાઓની નોંધ કરવામાં આવી હોય છે. તેમજ પ્રાણીની સામાન્ય ચાલ અને તેની ડાફની લંબાઇ પામી તેની નોંદ કરવામાં આવતી હોય છે.

અવશેષ પદ્ધતિમાં વન્યપ્રાણીઓના મૃત અવશેષ, શરીરના ભાગો, હંગાર, વાળ વગેરે એકત્ર કરી ચકાસણી કરી ગણતરી કરી શકાય છે. જો કે હરણોદ્યાનમાં તો પ્રત્યક્ષ દેખાવ અને પગમાર્ક પદ્ધતિ દ્વારા જ ગણતરી કરવાનું નક્કી થયું હતું.

વન્ય પ્રાણીઓની ગણતરી શરુ કરતાં પહેલાં સમગ્ર હરણોદ્યાનના વિસ્તારનો નકશો લઇ તેમાં વન્યપ્રાણીઓ પાણી પીવા આવતાં હોય તેવાં સ્થળો, વન્ય પ્રાણીઓના જવાના માર્ગ નજીક છુપાઇને નિહાળી શકાય તેવી જગ્યાઓ જે ઊંચાણ વાળી હોય અને જે સ્થળેથી આજુબાજુનો સમગ્ર વિસ્તાર સ્પષ્ટ જોઇ શકાય તેવી જગ્યાઓ પસંદ કરી પોઇન્ટ નક્કી કરવામાં આવેલ. તેમાં ખાસ એ વાતનું પણ ધ્યાન રાખવું પડે કે વન્યપ્રાણી શંકા ન સેવે અને ગણતરીકારને જોઇ ન શકે તેવી જગ્યા પસંદ કરવી પડે.

આ રીતે પોઇન્ટ નક્કી થયા પછી વસ્તી ગણતરી દરમિયાન પોઇન્ટ પર બેસવાના સમયે અમુક બાબતની સાવચેતી રાખવી ખુબ જ જરુરી હોય છે. જેમ કે વન્યપ્રાણીઓના આવવાની તથા પાણી પીવાની સ્થળની શક્યતા હોય તે તરફ પવનની વિરુદ્ધ દિશામાં બેસવું પડે જેથી ગણતરીકારની ગંધ વન્યપ્રાણી તરફ ન જાય અને શંકા પડતાં તે ભાગી ન જાય. આ ગણતરી સતત ત્રણ દિવસ ચાલતી હોય છે ત્યારે રાત્રી દરમિયાન ગણતરીકારોએ બીડી, આગ, હલનચલન કે અવાજ અંગે પણ ખુબ સાવચેતી રાખવી પડતી હોય છે. પોઇન્ટ પર બેસનાર ગણતરીકારે પોતાની પાસે પીવાના પાણીની વ્યવસ્થા રાખવી જરુરી છે. જેથી વારંવાર હચનચલન કરવું ન પડે.

જમવા અંગેની વ્યવસ્થા પણ નિયત સમય દરમિયાન ગોઠવાની હોય છે. કેમ કે આ કામ દરમિયાન પોઇન્ટનું સ્થળ છોડી શકાતું નથી. આ બધી બાબતો સ્પષ્ટ કર્યા પછી વન્યપ્રાણીઓની વસ્તી ગણતરી માટે પસંદ કરેલ સ્થળ અને નિયત સમય દરમિયાન ગણતરી કરવા નિયુક્ત કરનારને માર્ગદર્શન સાહિત્ય અને ફોર્મ આપવામાં આવ્યા હતા. વન્ય પ્રાણીઓની ગણતરી શરુ થાય ત્યારે એક પોઇન્ટ ઉપર જે વન્યપ્રાણીઓ નજરે પડે તે જ પ્રાણી થોડા સમય પછી નજીકના બીજા પોઇન્ટ ઉપર નજરે પડે ત્યારે બે પોઇન્ટ પર એક જ પ્રાણી બે વાર ગણાઇ જવાની ભૂલ થવાની સંભાવના રહે. આમ ન બને તે માટે જે સમયે પ્રાણી પોઇન્ટ પર દેખાય તે સમયની તરત જ નોંધ થવી જરુરી છે. જેથી આ સમયે બીજા પોઇન્ટ ઉપર પ્રાણી નથી તેવી સમજ સાથે તેની એક જ વાર ગણતરી થાય.

આ ગણતરી નિયત થયેલ તારીખે સાંજે ૫ વાગ્યાથી શરુ થાય અને બીજા દિવસે સવારે નવ વાગ્યા સુધી ચાલે ને પ્રાથમિક ગણતરી કહેવાય. જયારે આખરી ગણતરી બીજા દિવસના સાંજે પાંચ વાગ્યાથી ત્રીજા દિવસના સાંજે પાંચ વાગ્યે પરી થાય છે.

વન્ય પ્રાણીઓની આ ગણતરીમાં દરેક પોઇન્ટ પર સ્વૈચ્છિક સંસ્થાના